ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



શુભેચ્છાની આપ-લે : સ્ટેચ્યુ ઓફ યુનિટીના રાષ્ટ્રાર્પણ માટે કેવડીયા જઈ રહેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ગાંધીનગર હેલીપેડ ખાતે વિદાય આપવા ઉપસ્થિત રહેલ પદાધિકારીઓની તસવીરમાં ગાંધીનગરના મેયર પ્રવીણભાઈ પટેલને પ્રધાનમંત્રીએ ખબરઅંતર પૂછ્યા હતા... જ્યારે પ્રવીણભાઈએ પ્રધાનમંત્રીને અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી...

# આગામી ડિસેમ્બર બાદ ગાંધીનગર સ્ટેશન ધમધમશે : નવી ટ્રેઈનો દોડતી થશે

## હોટલનુ કામ પુર્ણ થતા નવજીવન એક્સપ્રેસ , રાજકોટ ઇન્ટરસીટી સહીતની ટ્રેઇન શરૂ કરવા આયોજન

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર સ્ટેશન નજીક હોટલ નિર્માણનુ કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે. જયારે આગામી ડિસેમ્બરમાં આ કામગીરી પુર્ણ થયા બાદ કેપિટલ સ્ટેશન પર નવી ટ્રેઈનો શરૂ કરવામાં આવશે તેવા સંકેતો પણ મળ્યા છે. જેમાં નવજીવન એક્સપ્રેસ , રાજકોટ ઈન્ટરસીટી સહીતની નવી ટ્રેઈન સેવા શરૂ કરાશે.

ગાંધીનગર કેપિટલ સ્ટેશન નજીક ફાઈવ સ્ટાર હોટલ નિર્માણનુ કામ આગામી ડિસેમ્બર મહીના પુર્વે પુર્ણ કરી દેવાશે. જયારે આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન મહાનુભાવો આ અદ્યતન હોટલમાં રોકાણ કરી શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવશે. જયારે હોટલ નિર્માણના કાર્યની પુર્ણાહુતિ સાથે કેપિટલ સ્ટેશન પર નવી ટ્રેઈનોની અવરજવર થઈ શકે તેવી વ્યવસ્થા પણ ગોઠવાશે. નવી ટ્રેઈન શરૂ કરવા માટે લાંબા સમયથી માંગણી કરવામાં આવી રહી છે. અનેક રજુઆતોના અંતે પણ કેપિટલ સ્ટેશનના વિકાસના નામે મીડુ ચિતરાયેલુ હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. જયારે ગાંધીનગર સ્ટેશન પર હોટલ નિર્માણના કામની સાથે સ્ટેશનનો પણ વિકાસ થાય તેમજ મુસાફરલક્ષી સુવિધાઓ ઉભી કરવા માટે પણ માંગ ઉઠવા પામી છે. હોટલની સાથે સ્ટેશન વિકાસની કામગીરી પણ હાથ ધરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

# ૨૮નો બાલોદ્યાન શુક્રવારથી જાહેર જનતા માટે ખુલ્લો મુકાશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરનું આકર્ષણ ગણાતા સે. ૨૮ના બાલોદ્યાનને શુક્રવારથી જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવશે જ્યારે સે. ૨૦માં નવા બનાવાયેલા રંગમંચું લોકાર્પણ કરવામાં આવશે.

સે. ૨૮ના બાલોદ્યાનના નવીનીકરણની પ્રક્રિયા છેલ્લા ત્રણેક માસથી હાથ ધરવામાં આવી હતી. આ બગીચાના નવીનીકરણ માટે મનપાએ રૂ. ૧૦ કરોડ જેટલી જંગી રકમનો ખર્ચ કર્યો છે જેમાં મીની ટ્રેઈનની ટ્રેક સુધારણા, ગ્રામહાટ તેમજ કેટલીક નવી રાઈડ્સ પણ મુકવામાં આવી છે.

દિપાવલીના વેકેશનને ધ્યાને લઈ મનપાએ સે. ૨૮ના બાલોદ્યાનને શુક્રવારથી જાહેર જનતા માટે બગીચાનો ભાગ ખુલ્લો મુકવાનો નિર્ણય કર્યો છે.

આ ઉપરાંત સે. ૨૦માં નવા બનાવાયેલ રંગમંચનું પણ લોકાર્પણ કરવામાં આવશે. શહેરમાં પાંચ રંગમંચોના રિનોવેશનનો નિર્ણય લેવાયો હતો જેમાં સે. ૨૦, ૨૨, ૨૮, ૨૯ અને ૩૦ના રંગમંચનો સમાવેશ થાય છે. છેલ્લા એક વર્ષમાં આ પાંચેય રંગમંચનું રિનોવેશન સંપન્ન થયુ છે.

# હવે રજવાડાઓના માનમાં મ્યુઝિયમ બનાવવા તૈયારી

## વાઘેલાએ ટ્વિટ કરીને આભાર માન્યો

ગાંધીનગર, તા.૩૧

પીએમ નરેન્દ્ર મોદીએ આજે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરી દીધું છે. જો કે છેલ્લા ઘણા સમયથી સરદાર પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા પર રાજનીતિ થઈ રહી છે. જેમાં તાજેતરમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને રાજકીય દિગ્ગજ શંકરસિંહ વાઘેલાએ કેન્દ્ર અને રાજ્ય સરકાર પાસે માંગ કરી હતી કે, આઝાદી સમયે પહેલું રજવાડું સમર્પિત કરનાર ભાવનગર સ્ટેટ સહિત અન્ય ૫૬૨ રાજ્યનાં સિમ્બોલ તથા તેના શિલાલેખ પણ આ સ્થળે જ મુકાવવા જોઈએ. આ માંગ બાદ આજે શંકરસિંહ વાઘેલાએ તેમના આ પ્રસ્તાવ અંગેનો પત્ર સ્વીકારવા બદલ ટ્વિટ કરી પીએમ મોદીનો આભાર માન્યો હતો. વડાપ્રધાન મોદીએ આજે સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ પ્રસંગે આ રજવાડાઓનો ખાસ ઉલ્લેખ કરી તેમનું મ્યુઝિયમ બનાવવાની જાહેરાત કરતાં વાઘેલાએ તેને આવકારી હતી. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ટ્વિટ કર્યું હતું કે, અખંડ ભારતના સપનાને મજબૂત બનાવવા માટે પોતાના રાજ્યો આપનારા રજવાડાઓનું મ્યૂઝિયમ બનાવવા સંબંધિત મારો પ્રસ્તાવ પત્ર સ્વીકારવા બદલ ખૂબ ખૂબ આભાર પીએમ નરેન્દ્ર મોદી અને તમે તેને દિલ્હી બોલાવી તેમના પરિવારના માનમાં રિસેપ્શન પણ રાખો એવી મારી ઈચ્છા છે.

Tweet

Shankersinh Vaghela
@ShankersinhBapu

Thank you very much PM @narendramodi for accepting the proposal from my letter to you regarding the museum of Rajwadas who strengthened the dream of United India by giving their kingdom & I wish that you may invite them to Delhi & hv reception for honouring their families there.

31/10/18, 12:07 PM

# ગુરુપુષ્યનક્ષત્રએ નગરના સોની બજારમાં ભારે ભીડ

## સોના ચાંદીની લગડી સિક્કાની વિશેષ ખરીદી : દર વર્ષ કરતા ગ્રાહકોની ભીડ ઓછી રહી હોવાનો વેપારીઓનો સુર : દાગીના અને પુજાના વાસણોની પણ ખરીદી : ગ્રાહકોએ પણ અવનવી સ્કીમનો લાભ ઉઠાવ્યો : વેપારીઓએ ચોપડા પણ ખરીદ્યા



ગાંધીનગર તા ૩૧

આજે ગુરુપુષ્યનક્ષત્રના દિવસે નગરની સોના ચાંદીની દુકાનોમાં ભારે ભીડ જોવા મળી હતી. સોનુ ખરીદવાના ઉત્તમ દિવસે સોના ચાંદીના શોરૂમમાં નગરજનોની ભીડ જામી હતી. સોના ચાંદીની લગડીઓ , સિક્કાઓ દાગીના તેમજ પુજાના વાસણો સહીતની સામગ્રીની વિશેષ ખરીદી થઈ હતી. જો કે ગુરુપુષ્યનક્ષત્રનુ શુભમુહુર્ત આવતીકાલે સવાર સુધીનુ હોવાથી હજુ ગુરુવારે પણ વિશેષ ખરીદી થાય તેવી સંભાવના છે.

સોનુ ખરીદવા માટે આજનો દિવસ ઉત્તમ ગણાંતા આજે નગરની મોટાભાગની જવેલરી શોપ્સમાં ભારે ભીડ જોવા મળી હતી. ગુરુપુષ્ય નક્ષત્ર હોવાથી સોનુ ચાંદી ખરીદવાના ઉત્તમ દિવસે આમ નાગરિકોએ પણ સોના ચાંદીના નાના મોટા દાગીના તેમજ સિક્કા સહીત વાસણો અને ભગવાનની મુર્તિ જેવી ચાંદીની ચીજવસ્તુઓ પણ વિશેષ પ્રમાણમાં ખરીદી હતી. જયારે ગુરુપુષ્ય નક્ષત્રના લીધે નગરના જવેલર્સે પણ અવનવી સ્કીમો મુકતા આ યોજનાનો લાભ લેવા માટે પણ નગરજનો ઉત્સુક બન્યા હતા. ગુરુપુષ્યનક્ષત્રમાં કેટલાક જવેલર્સે મજુરીના ભાવમાં ધરખમ ઘટાડો કરી દીધો હતો. જયારે જુના દાગીના આપી નવા ખરીદવા માટે પણ ગ્રાહકો ઉત્સુક જણાંયા હતા. શુભ મુહર્તમાં સોના ચાંદીના દાગીના ઉપરાંત મુહર્ત સાંચવી લેવા તેમજ શુકનને ધ્યાને લઈને ઘણાંખરા પરિવારોએ ૧૦ ગ્રામ ચાંદીની લગડી તેમજ સિક્કા સહીત ૧ ગ્રામ સોનાની લગડી પણ વિશેષ ખરીદી હોવાનુ ધ્યાને આવ્યુ છે. આડા દિવસોમાં સોના ચાંદીની દુકાનોમા એટલી બધી ભીડ જોવા મળતી નથી. જયારે આજે પુષ્ય નક્ષત્રનુ વિશેષ મુહુર્ત હોવાથી નગરની જવેલરી શોપસમાં ગ્રાહકોની ભીડ રહી હતી. જેમાં મોટા શો રૂમમાં નવી સ્કીમો અને ડિઝાઈનના આકર્ષણો વચ્ચે વિશેષ ભીડ જામી હોવાનુ મનાઈ રહ્યુ છે.

બીજીતરફ સેકટરોમાં સોના ચાંદીની દુકાનો ધરાવતા કેટલાક નાના વેપારીઓએ દરવર્ષની સાપેક્ષમાં આ વર્ષે શુભ મુહુર્ત એટલુ ફળ્યુ ન હોવાનુ પણ જણાંવ્યુ હતુ. જોઈએ તેટલી ઘરાકી રહી ન હતી. જેના લીધે સોના ચાંદીના વેપારીઓએ પ્રમાણમાં અસંતોષની લાગણી પણ વ્યકત કરી હતી. આ અંગે સમોર જવેલર્સના પરેશ સોનીએ જણાંવ્યુ હતુ કે સામાન્ય દિવસો કરતા દુકાનમાં વધુ ભીડ છે. પરંતુ દરવર્ષ જેટલો બિઝનેસ નથી. મુહુર્તના લીધે સોના ચાંદીની લગડી સિક્કાઓ , પુજાના વાસણો તેમજ દાગીનાની ખરીદી પણ વિશેષ થાય છે. ગાંધીનગર શહેરમાં અંદાજિત સોના ચાંદીની ૧૦૦ જેટલી દુકાનો તેમજ જવેલરીના શો રૂમ છે. જયારે આમ નાગરિકોની સાથે પ્રમાણમાં સોની બજાર માટે પણ એકંદરે આ દિવસ કાંઈક વિશેષ રહ્યો હતો.

હાર્દિક અભિનંદન



શ્રી પંકજભાઈ શુક્લ
મેનેજીંગ ડીરેક્ટર - ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ

આપની ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લી.માં સર્વાનુમતે મેનેજીંગ ડીરેક્ટર તરીકે વરણી થવા બદલ આનંદની લાગણી અનુભવીએ છીએ અને આપને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ... આપના નેતૃત્ત્વમાં મંડળી ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ સહ...

પીનાકીન રાવલ - પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર
નરેશ દવે - મહામંત્રી, સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર
કૃષ્ણકાન્ત જહા - પ્રમુખ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
અશ્વિન ત્રિવેદી (એડવોકેટ) - ઉપપ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર
આશિષભાઈ દવે - પૂર્વ ચેરમેન, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ
નિશિત વ્યાસ - મહામંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
કનૈયાલાલ પંડ્યા -પૂર્વ પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર
રાજુભાઈ પંચોલી - ડિરેક્ટર - ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લી.
હરિશ વ્યાસ - બ્રહ્મસમાજ અગ્રણી ● મુંજાલ રાવલ - બ્રહ્મસમાજ અગ્રણી
જયેશ પંચોલી - બ્રહ્મસમાજ અગ્રણી ● હરેશ જાની - ટ્રસ્ટી, અન્નપૂર્ણા ટ્રસ્ટ
રાકેશ જાની - મહામંત્રી, ગાંધીનગર શહેર કોંગ્રેસ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ગાંધીનગર ડેપોથી નવા રૂટોમાં એસી બસ સેવા શરૂ કરવાનો પ્રારંભ

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર એસ ટી ડેપોને અદ્યતન બનાવાની યોજના વિસરાઈ છે. જયારે મુસાફરોને લગતી આનુસંગિક સુવિધાઓના નામે મીંડુ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. ત્યારે એસ ટી તંત્ર દ્વારા મુસાફરોને નવા રૂટની અદ્યતન બસ સેવા પુરી પાડવા માટે તબક્કવાર નવી બસો શરૂ કરવામાં આવે છે. જયારે હવે તબક્કાવાર એ સી બસ સેવા પણ શરૂ કરાઈ રહી છે. જેમાં ગાંધીનગરથી અમરેલી રૂટ માટે ખાસ એસી બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર બસ સ્ટેશનને અપગ્રેડ કરવાની યોજના વિસરાઈ ગઈ છે. સ્ટેશનને આધુનિક બનાવાની સાથે સલામતીના પરિબળોને યોગ્ય કરવામાં લાબા સમયથી નિરસતા સેવાઈ રહી છે. આવા સંજોગોમાં મુસાફરોની સલામતી સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

દિપાવલીના તહેવારો માટે
ફ્રેશ ડ્રાયફ્રુટ,
ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ



અરિહંત ડ્રાયફ્રુટ્સ
રૂ. ૨૦૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
C/O રૂષભ એન્ટરપ્રાઈઝ
પ્લોટ નં. ૪૦૩,
સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ)
સેક્ટર-૩૦ ચાર રસ્તા પાસે,
અક્ષરધામ રોડ, ગાંધીનગર
હેમાંગ આર. ગાંધી
93777 23164
આર. ડી. ગાંધી
99241 23164

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, રાંધેજા
તા.જી. ગાંધીનગરની સામાન્ય ચૂંટણી
ખેડૂત મતવિભાગ - પ્રગતિ પેનલ

| ક્રમાંક | ઉમેદવારનું નામ | નિશાન | ચોકડી |
|---|---|---|---|
| ૨ | ઠાકોર લાલસિંહ બબાજી<br>ગામ : નવાપુરા, વિરાતલાવડી<br>મો. ૯૯૭૮૫૪૯૭૯૪ | | |
| ૭ | પટેલ કિશોરભાઈ રમણભાઈ<br>ગામ : છાલા (દિલીપભાઈ)<br>મો. ૯૪૨૮૮૦૨૮૫૪ | | |
| ૮ | પટેલ જયમીનકુમાર જગદીશભાઈ<br>ગામ : ચિલોડા મોટા<br>મો. ૯૮૨૫૨૮૨૮૨૭ | | |
| ૯ | પટેલ નીતીનભાઈ સોમાભાઈ<br>ગામ : રૂપાલ<br>મો. ૯૮૨૫૦૧૮૨૪૨ | | |
| ૧૦ | પટેલ રમણભાઈ બબુભાઈ<br>ગામ : પોર<br>મો. ૯૯૦૯૨૬૩૬૩૧ | | |
| ૧૧ | પટેલ રસિકલાલ મણીલાલ<br>ગામ : રાંધેજા<br>મો. ૯૮૨૫૧૬૭૮૦૫ | | |
| ૧૩ | પટેલ સુરેશભાઈ વિનુભાઈ<br>ગામ : અડાલજ<br>મો. ૯૪૨૬૦૧૭૪૦૨ | | |
| ૧૫ | રાણા યુવરાજસિંહ જશુભા<br>ગામ : ધણપ<br>મો. ૯૯૭૮૨૫૫૧૧૧ | | |

વિકાસને ધ્યાને લઈને આપનો કિંમતી અને પવિત્ર મત **પ્રગતિ પેનલ**ને આપી/અપાવી વિજયી બનાવશો.

● દરેક મતદારે આઠ મતથી વધારે મત આપવા નહીં. ● મત આપવા આવો ત્યારે ફોટો આઈ-ડી પ્રુફ સાથે લાવવું.
● ચૂંટણી તારીખ : ૧-૧૧-૨૦૧૮, ગુરુવાર ● મતદાન સમય : સવારે ૯-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક સુધી
● સ્થળ : ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com